ગુજરાત સરકાર

# નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ખાતા ધ્વારા સંચાલિત સરકાર માન્ય ટૂંકાગાળાના કોમ્પ્યુટર વ્યવસાયની તાલીમમાં પ્રવેશ અંગેની જાહેરાત.

"કોમ્પ્યુટર ક્ષેત્રના વ્યવસાયમાં તાલીમ પૂર્ણ કરી સ્વરોજગારી મેળવો"

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ખાતા ધ્વારા ઈન્ફોરમેશન ટેકનલોજી અને કોમ્પ્યુટર ક્ષેત્રે વિકસતા ઉદ્યોગો અને બજાર માંગને ધ્યાનમાં રાખીને નીચે જણાવેલ રાજયની ૩૨ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ખૂબ જ નજીવા દરે કોમ્પ્યુટર ક્ષેત્રના ટૂંકાગાળાના જુદા જુદા અભ્યાસક્રમો માટે આશરે ૧૩,૦૦૦ બેઠકોની સગવડતાઓ ઉભી કરવામાં આવી છે.

**ટૂંકાગાળાની તાલીમ માટે કોમ્પ્યુટર લેબોરેટરી તેમજ ફેકલ્ટીની વ્યવસ્થા કરવામાં આવી છે તેવી સંસ્થાઓની વિગત**

| ક્રમ | વિભાગનું નામ | સરકારી આઈ.ટી.આઈ.નું નામ અને મંજુર બેઠકો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | પાલનપુર (૨૫૦), ઈડર (૨૫૦), મોડાસા (૨૫૦), થલતેજ (૨૫૦), વિસનગર (૭૫૦), સરખેજ (૫૦૦),સરસપુર(૭૫૦),કુબેરનગર(૫૦૦),ગાંધીનગર (૫૦૦), ભિલોડા (૨૫૦) |
| ૨ | વડોદરા | પાવાગઢ(૨૫૦), ગોધરા (૨૫૦), દાહોદ (૨૫૦), ઉત્તરસંડા (૨૫૦), પલાણા (૨૫૦), તરસાલી (૭૫૦) |
| ૩ | રાજકોટ | જામનગર (૫૦૦),જુનાગઢ(૫૦૦),અમરેલી(૫૦૦),સુરેન્દ્રનગર(૨૫૦),ભાવનગર (૫૦૦), રાજકોટ સીટી મહિલા (૨૫૦), ગોંડલ (૫૦૦), રાજકોટ (૭૫૦). |
| ૪ | સુરત | બિલીમોરા (૫૦૦), સુરત (૭૫૦), ગણદેવા (૨૫૦), અગાસી (૨૫૦), વ્યારા (૨૫૦), બારડોલી (૨૫૦), વાલીયા (૨૫૦), અંકલેશ્વર (૫૦૦). |

**ઉપરોકત સંસ્થાઓમાં નીચે જણાવેલ ટૂંકાગાળાના કોમ્પ્યુટર અભ્યાસક્રમોનું નામ, કોર્ષની મુદત અને કોર્સ માટેની પ્રવેશ લાયકાત દર્શાવવામાં આવેલી છે, અને તે માટે રોજગાર કચેરીએ નોંધાયેલા તેમજ જરૂરી લાયકાત ધરાવતા રોજગાર વાંચ્છું યુવાનોને આ કાર્યક્રમનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.**

## ટૂંકાગાળાના કોમ્પ્યુટરના અભ્યાસક્રમોની વિગત.

| ક્રમ | કોમ્પ્યુટર કોર્સનું નામ | કોર્સની મુદત | કોર્સ માટેની પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| A | Data Entry Operator | 3 Months / 216 hours (144 hours for computer course Theory & Practical + 72 Hours for spoken English Theory- Practice | Minimum standard 10th passed under 1 + 2 System with English as one of the subject. |
| B | Desk Top of Publishing. (D.T.P.) | | As above. |
| C | Financial Accounting Operator. | | As above. however,12th passed applicants with commerce subject would be preferred. |

ટૂંકાગાળાની તાલીમના જુન–૨૦૦૨ ના સત્રમાં પ્રવેશ માટે સબંધિત આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રીનો રૂબરૂ સંપર્ક કરી અરજી પત્રક મેળવી તારીખઃ ૦૩/૦૬/૨૦૦૨ સુધીમાં નીચે જણાવેલ કોઠામાં દર્શાવેલ ટયુશન ફી, પરીક્ષા ફી અને કોશનમની ડીપોઝીટ જમા કરી પ્રવેશ મેળવવો. મર્યાદિત બેઠકો ઉપલબ્ધ હોઈ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. ગત વર્ષ એપ્રિલ–૨૦૦૧ થી જુન–૨૦૦૧ દરમ્યાન અરજી કરેલ બાકી રહેલા ઉમેદવારો જો તારીખઃ ૩૧/૦૫/૨૦૦૨ સુધી સબંધિત સંસ્થા ખાતે ઉપરોકત ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હાજર થશે તો ઉપલબ્ધ ખાલી બેઠક ઉપર પ્રવેશ આપવામાં પ્રાથમિકતા આપવામાં આવશે.

| ઉમેદવારની જાતિ | ત્રણ માસની ટયુશન ફી | પરીક્ષા ફી રૂા. | કોશનમની ડીપોઝીટ | કુલ રૂા. |
|---|---|---|---|---|
| જનરલ | રૂપિયા ૧૨૦–૦૦ | ૧૦૦–૦૦ | રૂપિયા ૨૦૦–૦૦ | ૪૨૦–૦૦ |
| બક્ષીપંચ | રૂપિયા ૭૫–૦૦ | ૧૦૦–૦૦ | રૂપિયા ૨૦૦–૦૦ | ૩૭૫–૦૦ |
| અનુસુચિત જાતિ / જનજાતિ | –– | ૧૦૦–૦૦ | રૂપિયા ૨૦૦–૦૦ | ૩૦૦–૦૦ |
| મહિલાઓ | –– | ૧૦૦–૦૦ | રૂપિયા ૨૦૦–૦૦ | ૩૦૦–૦૦ |

સદરહુ તાલીમની મુદત પુર્ણ થયેથી ઓછામાં ઓછી ૮૦ % હાજરીવાળા ઉમેદવારની પરીક્ષા લેવામાં આવશે, અને સફળતાપૂર્વક ઉર્ત્તિણ થનાર ઉમેદવારને ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીગ હસ્તકના સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ ઉપરોકત કોશનમની ડીપોઝીટ રૂા. ૨૦૦/– પણ પરત કરવામાં આવશે. જયારે પરીક્ષામાં ન બેસનાર અથવા બેસવાપાત્ર ન થનાર તેમજ અનઉર્ત્તિણ થયેથી કોશનમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

રોજગાર અને તાલીમ નિયામક હસ્તકની તમામ કામગીરીની વિગતવાર માહિતી મેળવવા માટે વેબસાઈટ **www.talimrojgar.org** પણ જોવા વિનંતી છે.

સહી/– નિયામક, રોજગાર અને તાલીમ,ગાંધીનગર.